**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ**
**છઠો માળ, ગિફ્ટ-૧, રોડ ૫-સી,ઝોન-૫, ગીફ્ટ સીટી ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ની સમક્ષ**
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

# જાહેર વિજ્ઞપ્તિ

**નીચેના સંદર્ભમાં:**

ઉપરોકત અરજદાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧ દ્વારા કેઇસ નં. ૧૫૪૭/૨૦૧૫ થી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ-૨૦૧૪-૧૫ ના ટ્રુ-અપ તેમજ વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાર્ષિક રાજસ્વની જરૂરીયાત (કામચલાઉ) તથા વીજદર નક્કી કરવા માટેની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખુ) જાહેરનામુ-૨૦૧૧, નામદાર આયોગ દ્વારા વખતોવખત આપવામાં આવેલ માર્ગદર્શન અને દિશાસૂચનો, વીજ અધિનિયમ-૨૦૦૩ ના પાર્ટ ૭ (કલમ ૬૧ થી ૬૪) જોગવાઇ અને નામદાર ગુજરાત વીજ નિયંત્રક આયોગ દ્વારા સુઓ મોટો પીટીશન નં. ૧૫૩૪/૨૦૧૫ થકી કરવામાં આવેલ હુકમ મુજબ રજૂ કરેલ છે.

**અરજદાર**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિસનગર રોડ, મહેસાણા, એ રાજયના ઉત્તર ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**વીજદરની દરખાસ્ત:**

કંપની દ્વારા હયાત વીજદરમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી, માત્ર એલટીએમડી કક્ષાનાં વીજગ્રાહકો માટે વીજમાંગના દરને, 'પ્રતિ કિલોવોટ પ્રતિમાસ' ના બદલે 'પ્રતિ કેવીએ પ્રતિ માસ' મુજબ વસૂલવાની દરખાસ્ત કરેલ છે.

**સૂચનો / વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા:**

ઉપરોકત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામુ ૨૦૦૪ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખુ) જાહેરનામુ-૨૦૧૧ ની જોગવઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોકત દરખાસ્ત પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગિફ્ટ-૧, રોડ ૫-સી,ઝોન-૫, ગીફ્ટ સીટી **ગાંધીનગર** ૩૮૨ ૩૫૫ ને તારીખ ૨૨.૦૧.૨૦૧૬ સુધીમાં પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાના રહેશે તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે:**

ઉપરોકત દરખાસ્તની નકલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિસનગર રોડ, **મહેસાણાની** વડી કચેરીમાંથી નાણાં મહાપ્રબંધક પાસેથી અથવા તો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરીઓમાંથી જરૂરી રકમ ભરપાઇ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા. ૨૦૦/- પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા. ૫૦/- (રૂા.પચાસ પુરા ) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે.
ઊપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.guvnl.com તથા www.ugvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

**તારીખ:** ૨૩.૧૨.૨૦૧૫ — અનુપમ આનંદ(આઇએએસ)
**સ્થળ:** મહેસાણા — **એમડી (યુજીવીસીએલ)**